
નિપુણ ભારત નિપુણ ગુજરાત મિશન અંતર્ગત

પ્રારંભિકમાં શિક્ષણ પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન
માટેની શૈક્ષણિક સહાયક સામગ્રી

NIPUN BHARAT



# વાર્તા સંગ્રહ

## ભાગ - ૪






GCERT
Gandhinagar

समग्र शिक्षा
Samagra Shiksha











# અનુક્રમણિકા


૧. ગધેડો ને શિયાળ

૨. શિખામણ કોને અપાય?

૩. ચતુર નાવિક

૪. ચાલાક રાજુ

૫. અક્કલ વગરની નકલ

૬. ફૂલણજી કાગડો

૭. ચાલાક ગધેડો

૮. પક્ષીઓની ચૂંટણી

૯. કાગડાનો બદલો

૧૦. સારસ અને કરચલો

૧૧. મિત્ર

૧૨. નાગ અને કીડીઓ

૧૩. સાચાબોલો કઠિયારો

૧૪. મૂર્ખ સેવક

૧૫. ચતુર ચકલી

૧૬. મગરની મિત્રતા


૧૭. પોપટની મદદનું ફળ

૧૮. લાલચનું પરિણામ

૧૯. એકતાની તાકાત

# ૧. ગધેડો ને શિયાળ

એક મોટું જંગલ હતું. તેમાં જંગલનો રાજા સિંહ રોજ નવા નવા શિકાર કરે ને આનંદથી રહેતો હતો. ધીરે ધીરે આ સિંહ ઘરડો થયો, જેથી તેણે ભોજનની વ્યવસ્થા કરવા શિયાળને પ્રધાન તરીકે રાખ્યો. હવે શિયાળભાઈ તો રોજ જંગલમાં જઈ જુદા જુદા પ્રાણીઓને ફોસલાવીને સિંહ પાસે



લાવતો અને સિંહ તેને ખાઈ જતો અને વધ્યું ઘટ્યું શિયાળભાઈ ખાઈ જતો. હવે એકવાર શિયાળભાઈ સિંહ માટે ખોરાકની શોધ માટે જંગલમાં જતો હતો ત્યાં સામે તેને એક ગધેડો મળ્યો. એટલે શિયાળે યુક્તિ કરીને ગધેડા ભાઈને કહ્યું, ‘‘અરે ગધેડાભાઈ ક્યાં જાવ છો? રાજા તમને પોતાના સલાહકાર બનાવવા માટે બોલાવે છે.’’ આ સાંભળી ગધેડાએ શિયાળ પર વિશ્વાસ મૂક્યો

અને તે શિયાળની સાથે સિંહની ગુફા પાસે ગયો. પણ જ્યાં તેણે સિંહને જોયો ને તે ગભરાઈ ગયો, ને ત્યાંથી ભાગી ગયો.

આ જોઈને સિંહ તો લાલ પીળો થઈ ગયો ને શિયાળને ગુસ્સામાં કહ્યું, "આ ગધેડાને પાછો લાવ



નહીંતર તને હું કાચેકાચો ખાઈ જઈશ, સમજયો."

પછી તો શિયાળભાઈ ફરીથી ગધેડા ભાઈને મળ્યા ને કહ્યું, "ભાઈ તું ભાગ્યો કેમ ? રાજાજી તને મારવા નથી માગતા, તે તો તને એમના સલાહકાર બનાવવા માંગે છે. તારે આ તક ગુમાવવી ના જોઈએ." આ સાંભળીને ગધેડો ફરીથી સિંહની ગુફા પાસે આવ્યો અને સિંહે તેના પર હુમલો

કરીને તેને મારી નાખ્યો. અને પછી તેને ખાવા લાગ્યો. થોડીવાર માટે સિંહ પાણી પીવા માટે બાજુના તળાવમાં ગયો, ત્યાં સુધી શિયાળ ગધેડાના માથાના ભાગનું માસ ખાવા લાગ્યો અને તેમાં રહેલુ તેનું મગજ પણ ખાઈ ગયો. પાણી પીને સિંહ પાછો આવીને ગધેડાના માથાના ભાગને




ફંફોડવા માંડ્યો અને શિયાળને કહ્યું, અલ્યા આ ગધેડાના માથામાંથી મગજ ક્યાં ગયું?

શિયાળભાઈએ જવાબ આપ્યો, ''મહારાજ ગધેડા પાસે ક્યાં મગજ હતું, હોત તો તે પાછો અહીં આવત ખરો.'' સિંહ વિચાર કરતો કરતો ગુફામાં જઈને સુઈ ગયો.

# ૨. શિખામણ કોને અપાય?

એક ખેતર હતું. તેમાં લીમડો, જાંબુડો, આસોપાલવ, આંબો જેવા ઘણા બધા વૃક્ષો હતા. આ બધા વૃક્ષો પર જાતજાતના પક્ષીઓ રહે. ક્યારેક તો વાંદરા પણ હુપાહુપ કરતા આવે, આમાંથી આંબાના ઝાડ પર એક ચકલીએ પાંદડા, લાકડાની સળિયો, પક્ષીઓના પીંછા આવું બધું ભેગું કરીને એક માળો બનાવ્યો હતો. તેના માટે આ તેનું સુંદર મજાનું ઘર હતું.



એક વખત અચાનક ખૂબ ભારે વરસાદ શરૂ થઈ ગયો. એટલે બધા પક્ષીઓ અને જાનવરો પોતપોતાના ઘરમાં જતા રહ્યા. ત્યાં એક વાંદરો પણ વરસાદથી બચવા માટે ચકલીના માળાની ડાળ પર જઈને પાંદડાઓની વચ્ચે છુપાઈને બેસી ગયો. તે ખૂબ જ પલળી ગયો હતો. તેને જોઈને માળામાં બેઠેલી ચકલી બોલી, 'અલ્યા જાનવરો! તમે આ વરસાદ આવે તે પહેલા તમારું ઘર કેમ બનાવતા નથી ? શું તમને ખબર નથી કે તમારે રહેવા માટે એક ઘરની પણ જરૂરિયાત પડે.' આમ ઠંડીમાં ધ્રુજવું તો ના પડત.


ચકલીની વાત સાંભળીને વાંદરો તો ખીજાઈ ગયો ને ચકલીનો માળો એક જ ઝટકામાં તોડીને વેરવિખેર કરી નાખ્યો. ચકલી તો ડરી ગઈ ને આખી રાત બિચારી પલળતી પલળતી રોવા લાગી.




# ૩. ચતુર નાવિક

એક અમીર વેપારી પોતાનો સામાન લઈને યાત્રા કરી રહ્યો હતો. રસ્તામાં એક નદી આવી એટલે તેણે એક નાવિકને જોયો અને તેની પાસે જઈને કહ્યું, ‘તું મને મારા બધા સામાન સાથે સામેના કિનારા પર પહોંચાડીશ તો હું તને ખૂબ સારું ઈનામ આપીશ.’

આ વેપારી પાસે એક સિંહ, એક બકરી અને ઘાસનો એક ભારો હતો. આ જોઈને નાવિકે વેપારીને કહ્યું, ‘માલિક હું એક સાથે બધાને સામેના કિનારે ના લઈ જઈ શકું. કેમકે તેનાથી નાવડી પાણીમાં વજનથી ડૂબી જવાનો ભય રહે.’





હવે જો નાવિક પહેલાં ઘાસ લઈ જાય તો સિંહ બકરીને મારી નાખે અને જો પહેલા સિંહને લઈ જાય તો બકરી ઘાસ ખાઈ જાય. જેથી તેને પહેલા બકરીને લઈ જવાનો ફેંસલો કર્યો. અને પછી સિંહને લઈ ગયો અને સામેના કિનારેથી બકરીને પોતાની સાથે પાછી લાવ્યો. અને ઘાસના ભારાને સામેના કિનારે પર મૂકી આવ્યો. આમ ઘાસને સિંહ પાસે મૂકીને તે પાછો બકરી લેવા માટે આવ્યો.

વેપારી નાવિકની સમજણ પર ખુશ થઈ ગયો અને તેને ખૂબ સારું ઈનામ આપી રાજી કર્યો.

# ૪. ચાલાક રાજુ


એક ગામમાં રાજુ નામનો છોકરો રહેતો હતો. તેની પાસે એક ગાયનું બચ્ચું (વાછરડું) હતું. તે તેને ખૂબ જ વ્હાલું હતું.

રાજુ આ વાછરડાને લઈ રોજ ચરાવવા માટે જંગલમાં જતો હતો. ઘણીવાર આ વાછરડું ચરતું ચરતું ઘણું દૂર જતું રહેતું હતું. જેની ચિંતા રાજુને થતી હતી. આથી તેણે એક યુક્તિ કરી. વાછરડાના ગળામાં ઘંટડી બાંધી દીધી. જેથી તેના અવાજ પરથી તેને શોધી શકાય.



એકવાર વાછરડું જંગલમાં ખોવાઈ ગયું. જેથી રાજુ તેને શોધવા માટે જંગલમાં આમ તેમ જોવા લાગ્યો. ત્યાં જ તેને ઘંટડીનો અવાજ સંભળાયો. જેથી તે દિશામાં તે આગળ વધ્યો અને તેને સિંહની ગુફા નજીક વાછરડું જોવા મળ્યું.

રાજુ દોડતો ગયો ને વાછરડાને બચાવી લીધું અને પોતાના ઘરે જતો રહ્યો.




# ૫. અક્કલ વગરની નકલ



રામપુર નામનું એક ગામ હતું. તેમાં એક ખેડૂત રહેતો હતો. એની પાસે એક ગધેડો અને એક કૂતરો પાળેલો હતો. હવે ગધેડાને એક વાતની ચિંતા હતી કે પોતે વધારે કામ કરતો હોવા છતાં બધા લોકો કૂતરાને જ વધારે પ્રેમ કરે છે.

એકવાર ખેડૂત ઘરે આવ્યો ત્યારે કૂતરો મોઢેથી ભસવા લાગ્યો ને પૂંછડી પટાવવા લાગ્યો. એટલે ખેડૂતે કૂતરાને પ્રેમથી હાથ ફેરવ્યો અને પોતાનો પ્રેમ બતાવ્યો. આ જોઈને ગધેડાને પણ વિચાર આવ્યો કે, હું પણ માલિકનો પ્રેમ મેળવવા આવું જ કરીશ.



બીજા દિવસે જ્યારે ખેડૂત ઘરે આવ્યો તો ગધેડો દોડતો દોડતો હોંચી હોંચી બોલતો માલિકની આગળ આવી પૂંછડી હલાવવા લાગ્યો. આ જોઈને ખેડૂત ડરી ગયો અને બૂમાબૂમ કરવા લાગ્યો. અને ગધેડાને ડંડો મારીને દૂર ભગાડી મૂક્યો.

આ બનાવ બન્યા બાદ ગધેડાને ભાન થયું કે ક્યારેય કોઈની નકલ ના કરવી જોઈએ.

# ૬. ફૂલણજી કાગડો

એક વાર એક કાગડાને રોટલીનો ટુકડો મળ્યો. તેણે જલદી તે ટુકડો ઉપાડ્યો અને દૂર જઈને એક ઝાડ પર બેસીને રોટલીનો આનંદ લેવાનું વિચાર્યું. એક ભૂખ્યા શિયાળે જોયું કે કાગડો રોટલી લઈને ઝાડ પર બેઠો છે. શિયાળ રોટલીનો ટુકડો કાગડાના મોઢામાંથી લઈ લેવા માટે વિચાર કરવા લાગ્યો. ચતુર શિયાળે નમ્રતાથી કાગડાને કહ્યું, 'હે મિત્ર, બધું કુશળ તો છે ને ?' પરંતુ કાગડાએ એની વાતમાં ધ્યાન ન આપ્યું. શિયાળે પાછું કહ્યું, 'આજે તો તમે બહુ સરસ અને આકર્ષક લાગી રહ્યા છો.' કાગડો આ સાંભળીને ખુશ થઈ ગયો. શિયાળ આગળ બોલ્યું, 'મેં એવું પણ સાંભળ્યું છે કે સુંદરતાની સાથે સાથે તમારો અવાજ પણ મધુર છે. શું તમે મારાં માટે એક ગીત ગાઈ શકો છો?' ફૂલણજી કાગડાએ ખોટી પ્રશંસા સાંભળતાની સાથે જ ગીત ગાવા મોઢું ખોલ્યું અને રોટલી ચાંચમાંથી નીચે પડી ગઈ. શિયાળે તે રોટલી ઉઠાવી અને ભાગી ગયું. કાગડાએ પોતાની મૂર્ખતાની કીંમત ચૂકવવી પડી.




# ૭. ચાલાક ગધેડો

એક ગામમાં એક વેપારી રહેતો હતો. તેની પાસે એક ગધેડો હતો. આ ગધેડા પર તે પોતાના માલસામાનની હેરફેર કરતો હતો. એકવાર વેપારી ગધેડા પર મીઠાની ગુણો મૂકીને બાજુના ગામમાં જતો હતો, ત્યાં રસ્તામાં એક નદી આવી. નદીના પાણીમાં ગધેડાનો પગ લપસી ગયો. જેથી પેટ પર રહેલું અડધું મીઠું ઓગળી ગયું અને ભાર ઓછો થઈ ગયો. જેથી ગધેડો રાજી રાજી થઈ ગયો. આવી રીતે ગધેડો રોજ મીઠાને પાણીમાં જાતે કરીને ઓગાળી દેતો ને પોતાના ઉપરનો ભાર ઓછો કરી દેતો. હવે આ વાતની વેપારીને ખબર પડી ગઈ, એટલે તેને ગધેડાને પાઠ ભણાવવા માટે મીઠાની જગ્યાએ કપાસની ગુણો ભરી દીધી.



ગધેડો નદી આવતાની સાથે જ જાતે કરીને પાણીમાં લપસી ગયો, પરંતુ આ વખતે ભાર ઓછો થવાને બદલે કપાસમાં પાણી ભરાઈ જવાથી ભાર વધી ગયો ને ગધેડાભાઈની હાલત ખરાબ થઈ ગઈ અને તેને તેની ભૂલ સમજાઈ. ધીરે ધીરે ગધેડો પોતાના માલિકનો પુનઃ વફાદાર સાથી બની ગયો.



# ૮. પક્ષીઓની ચૂંટણી

એકવાર જંગલમાં પક્ષીઓનો રાજા કોને બનાવવો ? એ વિશે ચર્ચા ચાલી. છેવટે બધાની સંમતિથી સમડી અને ઘુવડને રાજા બનવા માટે લાયક ઠરાવવામાં આવ્યાં. હવે બંનેને તો રાજા બનાવાય નહીં. બેમાંથી કોને રાજા બનાવવો ? એ નક્કી કરવા માટે ચૂંટણી કરવાનું નક્કી થયું.

તળાવના કિનારે એક મોટો વડલો હતો. બીજા દિવસે બધા પંખીઓએ વડલાના ઝાડ નીચે ભેગા થવાનું હતું. એક બાજુ ઘુવડ અને બીજી બાજુ સમડી. એક એક કરીને બધા પંખીઓએ પોતાનો મત આપ્યો. મતની ગણતરી થઈ. ઘુવડ અને સમડીને એકસરખા જ મત મળ્યાં હતાં !

હવે, આ તો ભારે મૂંઝવણ !

એવામાં વાંદરાને યાદ આવ્યું કે એનો પાડોશી કાગડો બે દિવસથી બહારગામ ગયેલો છે. બરાબર એજ વખતે કાગડો બહારગામથી આવી પહોંચ્યો. કાગડો જેને મત આપે એજ પંખીઓનો રાજા બને.


ઘુવડ અને કાગડાને સારી ભાઈબંધી હતી. એટલે ઘુવડને તો થયું કે ભાઈ આપણે તો જીતી જ ગયાં. એનું મોં હસુ હસુ થઈ ગયું. એના ટેકેદારોએ પણ કહી જ દીધું, ‘હવે તો ઘુવડ જીતી ગયું જ સમજી લો.’



કાગડાએ એનો મત આપવાનો હતો. એણે થોડો વિચાર કર્યો.
પછી કાગડાએ પોતાનો મત સમડીને આપ્યો.

'સમડી....
સમડી....
સમડી....' બધાએ સમડીના નારા ગજાવ્યાં.





નારાજ થયેલા ઘુવડે કાગડાને પૂછ્યું, ‘તું તો મારો દોસ્ત છે. તો તારો મત મને કેમ ના આપ્યો ?’ કાગડાએ ધીમેથી જવાબ આપ્યા, ‘તું મારો ભાઈબંધ છે, એ વાત સાચી. પણ અહીં મારે આખા જંગલ માટે રાજા પસંદ કરવાનો હતો. તને દિવસે તો દેખાતું નથી. વળી તારો દેખાવ પણ કદરૂપો છે. એટલે રાજા તરીકે મને સમડી વધારે યોગ્ય લાગી.’

આ સાંભળી ઘુવડને ખોટું લાગ્યું. બસ, ત્યારથી ઘુવડ અને કાગડાને વેર ચાલ્યું આવે છે.


# ૯. કાગડાનો બદલો

એક વડના ઝાડ ઉપર ઘણા પંખીઓ રહે. એમાં એક કાગડાનો માળો. વખત જતા કાગડીએ ઈંડા મૂક્યાં. વડના ઝાડ નીચે એક સાપનું દર. સાપ ભારે લુચ્ચો. જેવા પંખીઓ દાણા ચણવા જાય એટલે ઝાડ ઉપર ચઢી જાય. પંખીઓના માળામાંથી ઈંડા અને બચ્ચાં ખાઈ જાય.

કાગડીએ ઈંડા જીવની જેમ સાચવ્યા. સાપ એના માળા પાસે આવે એટલે ચાંચ મારીને ભગાડી મૂકે. એમ કરતા કરતા ઈંડામાંથી બચ્ચાં બહાર આવ્યાં. હવે બચ્ચાંઓ માટે વધારે ખોરાકની જરૂર પડવા લાગી. એકવાર કાગડો કાગડી બંને બચ્ચાંઓ માટે ભોજન લેવા ગયાં.

સાપને લાગ મળી ગયો. સાપે માળામાં જઈને કાગડાના બચ્ચાંનો શિકાર કરી લીધો. ખોરાક લઈને પાછા આવેલા કાગડા કાગડીએ પોતાના વહાલા બચ્ચાંને ના દીઠા. બંને સમજી ગયાં કે નક્કી આ સાપનું જ કામ. બંને ખૂબ દુખી થયાં.

કાગડાએ નદીકિનારે રાજાનો રસાલો જોયો. એણે રાણીના ઘરેણાં નદીકિનારે એક કપડામાં મૂકાયેલા જોયા.




એણે ચૂપચાપ ત્યાંથી રાણીનો હાર ઉઠાવ્યો. સિપાઈઓ જુએ એટલા માટે કા... કા... કરીને પોતાની તરફ સિપાઇઓનુ ધ્યાન ખેંચ્યું.

સિપાઈઓ સોનાનો હાર લેવા કાગડાની પાછળ દોડ્યા. કાગડાએ સિપાઈઓ જુએ એમ સોનાનો હાર પેલા સાપના દરમાં સરકાવી દીધો.

સિપાઈઓએ દરમાં ભાલાની અણીઓ ભોંકી. ખીજાયેલો સાપ ફૂંફાડા મારતો બહાર નીકળ્યો. એવો જ સિપાઈઓએ એને લાકડીએ ને લાકડીએ પૂરો કરી દીધો. એ પછી સિપાઈઓ સોનાનો હાર લઈને રસ્તે પડ્યા.

લુચ્ચા સાપના રામ રમી ગયા.



# ૧૦. સારસ અને કરચલો

એક મોટું તળાવ. એમાં જાત જાતના જળચર જીવો સંપીને રહે. એક દિવસ એક સારસ દૂર દૂરથી ત્યાં આવ્યો. એણે જોયું અહીં એને માટે ભરપૂર ખોરાક હતો. એના મગજમાં એક ઉપાય સૂઝયો.

એણે આંખો બંધ કરી. એક પગ ઊંચો લઈ લીધો. મોટે મોટેથી ભગવાનનું નામ બોલવા માંડયો. તળાવમાં તરતી બતકોને નવાઈ લાગી. તળાવમાં તરતી માછલીઓ ચકિત થઇ ગઈ. તળાવમાંના દેડકાં કુતૂહલથી એને જોઈ રહ્યાં. તળાવમાં રહેતા એક કાચબાએ એને પૂછ્યું.

'સારસભાઈ આ શું માંડ્યું છે ?'

'અરે કાચબાભાઈ શું વાત કહું ? મને બે દિવસ પહેલા સપનું આવેલું કે અહીં ભયંકર દુકાળ પડવાનો છે. આ આખું તળાવ સુકાઈ જશે. તમારા બધાનું શું થશે ? એની મને ચિંતા થાય છે. એટલે ભગવાનને પ્રાર્થના કરું છું.

બધાએ લુચ્ચા બગલાની વાત સાચી માની લીધી. હવે તળાવમાંના બધા જળચરો ચિંતામાં પડ્યાં. ઘણી લાંબી ચર્ચા પછી પણ કોઈને કશો ઉપાય સૂઝયો નહીં. ત્યારે સારસે ઠાવકા થઈને કહ્યું.

'મારી પાસે એક ઉપાય છે. પણ તમને કદાચ ના પણ ગમે.'

'બોલો બોલો... ઝટ કહો.' બધાએ એક સાથે કહ્યું.



‘જુઓ અહીંથી થોડે દૂર એક તળાવ છે. જો ત્યાં જતા રહો તો તમારો જીવ બચી શકે. હું હવે ઘરડો થયો છું. છતાં રોજના બે- ત્રણ જણાને ત્યાં મૂકી આવી શકું એમ છું.’

બધાએ એની વાત માની લીધી. બગલો વારાફરતી એક એક માછલીને ચાંચમાં લઈને જાય. તળાવથી થોડે દૂર એક ઝાડ ઉપર ઉતરે. શાંતિથી માછલીનું ભોજન કરે. થોડો આરામ કરે. વળી પાછો તળાવે જાય. બીજી માછલી ઉપાડે. આમ સારસે પોતાના ખોરાકનો બંદોબસ્ત કરી લીધો. ભોળા જળચરોને કશી ખબર પડી નહીં.




એક દિવસ એક કરચલાનો વારો આવ્યો. એ તો સારસની ડોકે જ વળગી ગયો. સારસ તો એને લઈને ઉડ્યો. જેવા પેલા ઝાડની નજીક આવ્યાં કે કરચલો આખી વાત સમજી ગયો. ઝાડ નીચે સારસે ખાધેલી માછલીઓના હાડપિંજરો વેરાયેલા હતા. કરચલાએ સારસની ડોક ઉપર જોરથી દાંત બેસાડ્યાં.

સારસ કરચલાનો શિકાર કરે એ પહેલાં જ એના રામ રમી ગયાં.



# ૧૧. મિત્ર




એક ગાઢ જંગલ હતું. એમાં એક મોટું સરોવર. સરોવર કિનારે જાતજાતના ઝાડ. એ બધાય ઝાડ ઉપર ભાતભાતના પંખીઓ રહે. તળાવમાં તરતા હંસો પણ એમાંના એક વડના ઝાડ ઉપર રહે.

એકવાર ત્યાંથી એક ઘુવડ પસાર થયું. આવું સરસ સરોવર જોઈને ઘુવડને રોકાવાનું મન થયું. થાકેલું ઘુવડ વડના ઝાડ ઉપર આરામ કરવા રોકાયું. સવાર પડી અને હંસો જાગ્યાં. એમણે ઘુવડ સાથે ખૂબ વાતો કરી. ઘુવડને પણ એમની સાથે દોસ્તી થઈ ગઈ. હવે ઘુવડે પણ ત્યાં જ રહેવાનું નક્કી કર્યું.

એવામાં ઉનાળાની ઋતુ આવી. ખૂબ ગરમી પડી. સરોવરનું પાણી સુકાવા માંડ્યું. ખોરાક વગર શું કરવું ? છેવટે હંસોએ સરોવર છોડીને ઘણે દૂર એક સરોવર હતું ત્યાં જવાનું નક્કી કર્યું.

'દોસ્ત અમે પાણી વગર જીવી શકીએ નહીં. તેથી અમે જંગલના બીજા છેડે આવેલા સરોવરના કિનારે આવેલા વડના ઝાડ ઉપર રહેવા જઈએ છીએ. તને મન થાય ત્યારે તું અમને મળવા આવજે.' હંસોએ ઘુવડને કીધું.




ઘણા દિવસ વીતી ગયાં. હંસોને થયું કે લાવને અમે જ અમારા ભાઈબંધ ઘુવડને મળવા જઈએ. હંસો ઘુવડને મળવા ઉડતા ઉડતા પેલા વડના ઝાડ ઉપર આવી પહોચ્યાં. પોતાના મિત્રોને જોઈને ઘુવડ રાજી રાજી થઈ ગયું. ખૂબ થાકેલા હોવાથી હંસો તો સૂતાં. પોતાના મિત્રો આવવાના આનંદમાં ઘુવડ જાગતું હતું. સવાર પડવાની વેળા થઈ. એ સમયે એક પારધી ત્યાં આવ્યો. એણે હંસો ઉપર નિશાન તાકીને તીર છોડ્યું.

ઘુવડે પારધીને જોયો. ઘુવડે જોરથી ચિચિયારી કરી અને એ ઉડ્યું. ઘુવડ પારધી ઉપર હુમલો કરે એ પહેલાં જ પારધીનું તીર એના શરીરની આરપાર નીકળી ગયું.

ઘુવડના અવાજથી હંસો જાગી ગયાં. એમણે પારધીને જોયો. તીરથી વિંધાયેલા ઘુવડને જોયું. હંસો એમના દોસ્તનો ઈશારો સમજી ગયાં. તરત જ બધા હંસો ત્યાંથી ઊડી ગયાં. પોતાનો જીવ આપીને ઘુવડે પારધીથી હંસોની રક્ષા કરી.




# ૧૨. નાગ અને કીડીઓ



એક મોટા ઘટાદાર ઝાડ ઉપર જાતજાતના પંખીઓના માળા. એ ઝાડ નીચે એક દર. એમાં એક મોટો નાગ રહે. રોજ રાતે નાગ ઝાડ ઉપર ચડીને પંખીઓના માળામાંથી એમના ઈંડા અને બચ્ચાં ખાઈ જાય. દિવસે આખો દિવસ પોતાના દરમાં પડી રહે. બધા જ એનાથી ડરતાં.

આમ ખાઈપીને નાગ તો જાડોપાડો થઈ ગયો. એને એનું દર પણ નાનું પડવા માંડ્યું. એણે પોતાના માટે બીજા નવા ઘરની શોધ કરી. તળાવ કિનારે એક મોટું વડનું ઝાડ એણે જોયું. એની ઉપર પણ ઘણા પંખીઓના માળા હતાં. નાગને થયું આ જગ્યા જ એના રહેવા માટે બરાબર છે.

વડના ઝાડમાં એક બખોલ હતી. એ બખોલમાં નાગરાજે પોતાનું રહેઠાણ બનાવ્યું. એને થયું કે લાવ બધાને કહી દઉં કે હવે અહીંયા મારું જ રાજ ચાલશે.



ઝાડની નીચે એક મોટો કીડીઓનો રાફડો. નાગ કીડીઓને બીવડાવવા માટે એ રાફડા પાસે ગયો. નાગે મોટેથી ફૂંફાડો માર્યો.

'આજથી અહીંયા મારું રાજ ચાલશે. જેને અહીંયા રહેવું હશે એણે મારું કીધું માનવું પડશે. હું અહીનો રાજા છું.' નાગ મોટેથી બોલ્યો.

આ સાંભળી બધાં નાના પ્રાણીઓ ડરી ગયાં. ના ડરી તો માત્ર કીડીઓ. કીડીઓએ નાગનો સામનો કરવા એની ઉપર હુમલો કર્યો. લાખોની સંખ્યામાં ચારે બાજુથી કીડીઓ નાગને ચોંટી. ચારે તરફથી એને ચટકા ભરવા મંડી.

નાગ તો થોડીવારમાં જ તોબા પોકારી ગયો. એ તરત જ ત્યાંથી ભાગી ગયો.

# ૧૩. સાચાબોલો કઠિયારો




એક કઠિયારો રોજ જંગલમાં લાકડા કાપવા જાય. સાંજ સુધી લાકડા કાપે. કપાયેલા લાકડાની ભારી બાંધીને માથે મૂકે. લાકડા વેચે અને એમાંથી જે પૈસા મળે એનાથી ગુજરાન ચલાવે.

એકવાર તે નદી કિનારે પાણી પીવા ગયો. ત્યાં એણે ખૂબ મોટું ઝાડ જોયું. એને થયું લાવને આ ઝાડની એકાદ ડાળી કાપી લઉં. એ ઝાડ ઉપર ચઢ્યો.

ડાળ કાપતા કાપતા એની કુહાડી નદીના પાણીમાં પડી ગઈ. કઠિયારાથી પોક મુકાઈ ગઈ. એને પાણીમાં તરતા આવડતું નહોતું. કુહાડી વગર એ ઘરનું ગુજરાન કેવી રીતે ચલાવે ? એનો રડવાનો અવાજ સાંભળીને વનદેવી પ્રગટ થયાં.

'ભાઈ તું કેમ આટલું બધું રડે છે ?' વનદેવીએ કઠિયારાને પૂછ્યું.



‘મારી કુહાડી પાણીમાં પડી ગઈ છે. તેના વગર મારું કામ કેવી રીતે કરું? મને પાણીમાં તરતા પણ આવડતું નથી.’ કઠિયારાએ જવાબ દીધો. વનદેવી તો પળવારમાં જ પાણીમાંથી સોનાની કુહાડી લઈ આવ્યાં. એમણે કઠિયારા સામે કુહાડી ધરી.

‘લે ભાઈ, આ તારી કુહાડી.’

કઠિયારાએ જોયું. અરે... આ તો સોનાની કુહાડી !


‘આ મારી કુહાડી નથી.’

વનદેવી ફરી પાણીમાં જઈને બીજી કુહાડી લઈ આવ્યાં.

‘લે ભાઈ, આ તારી કુહાડી.’

કઠિયારાએ જોયું. અરે... આ તો ચાંદીની કુહાડી !

‘આ મારી કુહાડી નથી. મારી કુહાડી તો લોખંડની છે.’



વનદેવી ફરી પાણીમાં ગયાં. જઈને લોખંડની કુહાડી લઈ આવ્યાં.

'લે ભાઈ, આ બધી કુહાડીઓ હવે તારી જ છે.' કહી વનદેવીએ સોનાની, ચાંદીની અને લોખંડની ત્રણે કુહાડી કઠિયારાને આપી.

'પણ જે મારું ના હોય એ મારાથી કેમ લેવાય ?' કઠિયારાએ પૂછ્યું.

'તું સાચાબોલો છે. એટલા માટે હું તારાથી ખુશ થઈને તને આ બે કુહાડી ભેટ આપું છું.' કહીને વનદેવી અલોપ થઈ ગયાં.

સોના-ચાંદીની કુહાડીઓ વેચીને કઠિયારાએ નવું ઘર લીધું.


ઝાઝા ઢોર લીધાં.

ઘણી બધી જમીન ખરીદી અને ખેતીવાડી શરુ કરી.

# ૧૪. મૂર્ખ સેવક

એક રાજાના મહેલમાં એક વાંદરો સેવક તરીકે નોકરી કરતો હતો. તે રાજાનો ખૂબ જ વિશ્વાસપાત્ર સેવક હતો. તે રાજાના મહેલમાં કોઈ પણ રોકટોક વગર જ્યારે ઈચ્છે ત્યારે ગમે ત્યાં અંદર જઈ શકતો હતો.

એક દિવસ રાજા મહેલમાં ઊંઘી રહ્યા હતા ત્યારે વાંદરો તેમને પંખાથી પવન નાખી રહ્યો હતો. એવામાં વાંદરાએ જોયું કે એક માખી વારંવાર રાજાની છાતી પર બેસે છે. વાંદરાએ માખીને પંખાથી વારંવાર હટાવી છતાં પણ તે પાછી આવી રાજાની છાતી પર જ બેસતી હતી.






આવું વારંવાર કરવાથી પણ માખી ત્યાંથી ન ગઈ તો વાંદરાને બહુ ગુસ્સો આવ્યો તેણે પંખો છોડી રાજાની બાજુમાં પડેલી તલવાર લીધી. પછી માખી જ્યારે રાજાની છાતી પર બેઠી ત્યારે પૂરા જોરથી તલવારનો ઘા કર્યો. માખી તો ઊડી ગઈ પણ તમે સમજી ગયા જ હશો કે રાજાના પ્રાણ પંખેરૂ પણ ઊડી ગયા.

# ૧૫. ચતુર ચકલી

ઘણા સમય પહેલાની વાત છે. એકવાર જંગલમાં બહુ મોટી આગ લાગી. ધીમે ધીમે આગ આગળ વધતી જતી હતી. આગ જેમ જેમ આગળ વધે તેમ તેમ બધું ભસ્મીભૂત થવા લાગ્યું. આગમાં બધું સળગી જતું જોઈ બધા પ્રાણી-પંખીઓ ડરવા લાગ્યા કે હવે શું થશે? જંગલમાં આ બધાં પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગમભાગ કરતાં હતાં ત્યારે એક નાનકડી ચકલીએ જોયું કે બધા પોતાનો જીવ બચાવવા માટે દોડાદોડ કરે છે ત્યારે મારે આમની મદદ માટે કશુક કરવું જોઈએ. 'મદદ કરવા માટે હું શું કરી શકું?' તેમ વિચારી ચકલીએ પાસેની નદીમાં જઈને તેને પોતાની ચાંચમાં પાણી ભર્યું અને આગમાં નાખ્યું. ચકલી પોતાની ચાંચમાં આવી રીતે પાણી ભરીને વારંવાર આગમાં



નાખી આગ ઠારવા માટે પ્રયત્ન કર્યો. 'મદદ કરવા માટે હું શું કરી શકું?' તેમ વિચારી ચકલીએ પાસેની નદીમાં જઈને તેને પોતાની ચાંચમાં પાણી ભર્યું અને આગમાં નાખ્યું. ચકલી પોતાની ચાંચમાં આવી રીતે પાણી ભરીને વારંવાર આગમાં નાખી આગ ઠારવા માટે પ્રયત્ન કર્યો.



ચકલીને ચાંચમાં પાણી ભરીને આગમાં નાખતાં જોઈ પાસેના વૃક્ષ પર બેસેલા ઘુવડે કહ્યું કે, ‘આવી રીતે નાની ચાંચમાં પાણી ભરીને નાખવાથી આગ થોડી ઠરવાની છે?’ ચકલીએ આ સાંભળી ને ઘુવડને કહ્યું કે મને પણ ખબર છે કે મારી નાની ચાંચમાં જેટલું પાણી સમાય છે તેનાથી આ મોટી આગ ઠરવાની નથી પરંતુ મારાથી જેટલી બને તેટલી મદદ તો કરી શકું ને! આ સાંભળી ઘુવડ પણ ચકલીની જેમ ચાંચમાં પાણી ભરવા માટે નદી તરફ ઉડ્યું.

# ૧૬. મગરની મિત્રતા

એક જંગલમાં ઘરડો અજગર રહેતો હતો. હવે તે ખોરાક માટે આમતેમ ફરી કે ઝાડ પર ચડી શકતો નહોતો. તેણે પોતાનો ખોરાક સહેલાઈથી મેળવવા માટે એક યુક્તિ વિચારી. પાસેના મોટા તળાવમાં બહુ બધાં દેડકાઓ રહેતા હતા. ત્યાં જઈને દેડકાના સરદારને કહ્યું કે, 'હું આપલોકોની સેવા માટે તળાવમાં આવ્યો છું. મને તમારી સેવા કરવા માટેની તક આપશો.'
દેડકાના સરદારે કહ્યું કે, 'અમારી સાથે રહો પરંતુ અમને કોઈ નુકશાન ન પહોંચે તેની કાળજી લેશો.'





અજગર તો તળાવ કાંઠે રહેતો હતો અને જ્યારે ભૂખ લાગે ત્યારે પાણીમાં દેડકાઓને પોતાની પીઠ પર બેસાડી તળાવમાં ફેરવતો. અજગર દેડકાઓને પોતાની પીઠ પર પાણીમાં ફેરવતાં-ફેરવતાં કોઈને પણ ખબર ન પડે તે રીતે એક દેડકો ખાઈ જતો. આમ કરવાથી દિવસો જતા દેડકાઓની સંખ્યા ઘટવા લાગી. દેડકાના સરદારને અજગરની યુક્તિની જાણ થઇ ગઈ. તેને તળાવમાં રહેતાં મગરને બધી વાત કરી. મગર દેડકાનો સાચો દોસ્ત હોવાથી તેણે અજગરની બધી પોલ પકડીને અજગરને પાણીમાંથી બહાર કાઢી નાખ્યો. દેડકાઓને અજગરથી બચાવીને મગરે પોતાની સાચી મિત્રતા નિભાવી જાણી.



# ૧૭. પોપટની મદદનું ફળ

એક મોટા જંગલનાં વૃક્ષ પર પોપટ અને પોપટીની જોડી રહેતી હતી. આ જ વૃક્ષનાં મૂળની બખોલમાં એક ઘરડો સાપ પણ રહેતો હતો. સાપ પોતાની મોટી ઉંમરનાં કારણે ખોરાક માટે બહુ હલન-ચલન પણ કરી શકવા માટે શક્તિમાન નહોતો. આ સમયે વૃક્ષ પરના પોપટ યુગલ દ્વારા સાપને રોજ થોડો ખોરાક આપવામાં આવતો હતો.






એક દિવસ તે વૃક્ષ પર એક ગીધ આવ્યું. તેની નજર પોપટ યુગલ પર પડી. બે પોપટ પૈકી કોઈ એકને પોતાના ખોરાક માટે શિકાર કરવા માટેની ગીધની નજર બગડી. નીચે જમીન પર રહેલા સાપને ખ્યાલ આવી ગયો કે પોપટનો આજે શિકાર થવાનો છે. તે જ સમયે એક શિકારી આવી ચડ્યો. તેની નજર વૃક્ષની ડાળી પર બેસેલા પોપટ યુગલ પર પડી. શિકારીએ જેવું ધનુષ્ય પર તીર ચડાવ્યું કે સાપે શિકારીના પગ પર ખોટો ફૂંફાડો માર્યો જેથી શિકારીથી ડરનું માર્યું નિશાન ચુકી જવાયું અને પોપટના બદલે ગીધનો શિકાર થઈ ગયો. સાપે પોતાનાથી બનતો પ્રયાસ કરી પોપટ યુગલને બચાવ્યું તે માટે તેણે સાપનો આભાર માન્યો.

# ૧૮. લાલચનું પરિણામ

એકવાર એક કૂતરાને બહુ ભૂખ લાગી હતી. ખોરાકની શોધમાં આમતેમ ભટકતો હતો ત્યારે તેને એક રોટલી મળી ગઈ. રોટલી મળવાથી તેના મનમાં બહુ આનંદ થયો. તેને વિચાર્યું કે ‘બીજા કોઈ કૂતરાઓ જોઈ ન જાય તે માટે ક્યાંક એવી એકાંત જગ્યાએ જઈને આ રોટલી ખાઉં.’ તેવા વિચારમાં તે આગળ ચાલતો થયો એટલામાં રસ્તામાં એક નદી આવી. આ નદીનાં પાણીમાંથી પસાર થતા સમયે તેણે પાણીમાં બીજા કૂતરાને જોયો. પાણીમાં દેખાતો આ બીજો કૂતરો એ ખરેખર તેનું પોતાનું પ્રતિબિંબ હતું તેની તેને ખબર ન હતી. આ સાચા કૂતરાએ પાણીમાં દેખાતા બીજા કૂતરાના મોમાં પણ એક રોટલી જોઈ. એટલે તે બીજી રોટલી માટે ભસવા લાગ્યો. જેવું ભસવા માટે મોં ખોલ્યું કે તેના મોંમાં રહેલી રોટલી પણ પાણીમાં પડી અને ઊંડે સુધી તણાઈને જતી રહી.




# ૧૯. એકતાની તાકાત

એક ગામમાં વૃદ્ધ માણસ રહેતો હતો. તેને ચાર દીકરાઓ હતા. આ ચારેય દીકરાઓ એકબીજા સાથે બહુ લડતા-ઝગડતા. વૃદ્ધ માણસે આ ચારેય દીકરાઓને બહુ સમજાવવા છતાં પણ તેઓ ઝગડતા જ રહેતા હતા. અંતે થાકીને તેણે એક યુક્તિ વિચારી જેથી દીકરાઓ અંદરોઅંદર શાંતિથી રહી શકે. એક દિવસ તેણે ચારેય દીકરાઓને બોલાવી દરેકના હાથમાં બે-ચાર પાતળી લાકડીઓ આપીને કહ્યું આને ભાંગી નાખો. ચારેય દીકરાઓએ પોતાના હાથમાં રહેલી લાકડીઓ ભાંગી નાખી. હવે વૃદ્ધે દીકરાઓને દરેક પાસે જેટલી છૂટી-છૂટી હતી એટલી લાકડીઓ એકી સાથે એકઠી કરીને તેને એકીસાથે ભાંગવા માટે કહ્યું. વારાફરતી ચારેય દીકરાઓએ આ લાકડીઓ ભાંગવાનો પ્રયત્ન કર્યો. પણ કોઈથીયે આ ભાંગી નહિ. આ વાત દીકરાઓ સમજી ગયા કે અલગ અલગ રહેવાથી કોઈ ફાયદો નથી. સંપથી એકતામાં રહેવાથી શાંતિ મળે અને જીવન સુખેથી પસાર થાય.



## નિપુણ ભારત નિપુણ ગુજરાત મિશન અંતર્ગત

**પ્રારંભિકમાં શિક્ષણ પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન**
**માટેની શૈક્ષણિક સહાયક સામગ્રી**



# વાર્તા સંગ્રહ
## ભાગ - ૪



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ ગાંધીનગર

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા, સેક્ટર ૧૭, ગાંધીનગર
www.ssagujarat.org